
# 2. દ્રવ (દ્રવ્ય)

**શામળ**

**જન્મ : સોળમી સદીનો અંત (૧૬૮૪ અથવા ૧૬૯૫)**

**મૃત્યુ : (૧૭૬૫ અથવા ૧૭૭૦)**



માતા : આનંદીબાઈ, પિતા : વીરેશ્વર. ઓળખાય છે શામળ ભટ્ટ તરીકે પણ કેટલાક તેમની અટક ત્રિવેદી હોવાનું માને છે. જન્મસ્થળ નક્કી નથી પણ કથાકાર તરીકેની શરૂઆત અમદાવાદના રાજપુર-ગોમતીપુરમાં કરી અને પછી ચરોતરમાં માતર પાસેના સિંહુજમાં વસ્યા. ગુજરાતી સાહિત્યમાં શામળની પદ્યવાર્તાઓ જાણીતી છે.

'ચંદ્ર-ચંદ્રાવતી', 'પદ્માવતી', 'મદનમોહના', 'નંદબત્રીસી', 'બત્રીસપૂતળીની વાર્તા' વગેરે છવ્વીસ જેટલી રચનાઓ તેમણે કરી છે. આમાંની મોટાભાગની પદ્યવાર્તાઓ તરીકે ઓળખાય છે. 'આખ્યાન'ની જેમ એ સમયે શ્રોતાઓને કથાકારો પદ્યવાર્તાઓ સંભળાવતા.

એને પદ્યકથા તરીકે પણ ઓળખાવાય છે. એ સમયે ધર્મ, નીતિ, લોકરંજન માટે કથાઓ કહેવાતી. તેમાં દોહરા, ચોપાઈ અને છપ્પા જેવા પદ્યનો ઉપયોગ થતો. લોકકથામાં વચ્ચે વચ્ચે આડકથા ઉમેરાતી. લોકોને રસ પડે તેવાં વિશેષ પાત્રો રજૂ થતાં. પાત્રોના સંવાદમાં સમસ્યા, ઉખાણાં, બોધવચન, ક્યારેક સંસ્કૃત શ્લોક પણ રજૂ થતાં. એમાં ચમત્કારો ખાસ રજૂ થતા. આ બધાનો મૂળહેતુ પ્રજાને અથવા શ્રોતાઓને મનોરંજન સાથે નીતિબોધ કે ધર્મબોધ આપવાનો હતો.

સામાન્ય રીતે 'ચોપાઈ'એ ચાર (ચો)-(પાઈ)-પાયા અથવા પગ એમ ચારચાર ચરણની કડીઓ હોય છે. કવિ તુલસીદાસે 'રામચરિતમાનસ'માં ચોપાઈનો ઘણો ઉપયોગ કર્યો છે. એ લયમાં ગાઈ શકાય છે.

એની 'નંદબત્રીસી' કૃતિમાંથી દ્રવ (દ્રવ્ય-ધન, પૈસા) વિશેની ચોપાઈ અહીં રજૂ કરી છે. રાજા નંદ, તેનો પ્રધાન વિલોચન, પ્રધાનપત્ની પદ્મિની અને તેના પિતા એમ ચાર જણાં ચોપાટ રમે છે અને 'પડ પાસા પોબાર' એમ વાર્તા આગળ ચાલે છે. રાજા પોતે પોલીયા (પ્રતિહાર અથવા દરવાન)ને પ્રધાનના ઘરનો દરવાજો ખોલવા માટે કાનનાં કુંડળ લાંચમાં આપે છે ત્યારે કવિ 'દ્રવ્ય' વિશેની આ પંક્તિઓ ચોપાઈમાં રજૂ કરે છે. દ્રવ્ય અથવા ધન માણસના જીવનમાં કેવી ભૂમિકા અથવા ભાગ ભજવે છે તેની સરળ છતાં ચોટદાર વાત કવિ આ આઠ પંક્તિમાં કરે છે. 'પૈસો' માણસની મજબૂતી પણ છે અને મજબૂરી પણ. પૈસાથી ચીજ-વસ્તુઓ જ નહીં, પણ માણસને પણ ખરીદી શકાય અને તેની પાસેથી કામ કઢાવી શકાય. પણ એ જ પૈસો માણસની ખૂમારીનું કારણ બની શકે. દ્રવ્ય હોય તે શાહ-શેઠ-મોભાવાળો-રાજા ગણાય ને દ્રવ્ય ન હોય તે ગરીબ, રંક ને ક્યારેક ચોર પણ ગણાય. (ને ક્યારેક દ્રવ્ય માટે ચોર પણ થાય.) બહુ દ્રવ્ય હોય તે દાનેશ્વરી પણ હોય ને લોભી હોય તો કરપી(કંજૂસ) પણ હોય. પૈસો હોય તેના મિત્રો ઘણા થાય અને પૈસાને કારણે જ શત્રુતા પણ થાય. દ્રવ્યનો અથવા પૈસાનો માણસ કેવી રીતે, શાને માટે ઉપયોગ કરે છે તેના ઉપર બધો આધાર છે. દ્રવ્યનું અથવા પૈસાનું પવિત્રપણું (અર્થશૌચ) તેથી જ સાચવવા જેવું ગણાયું છે. પવિત્ર પૈસો એટલે સીધી-સાચી-સહજ રીતે મેળવેલો પૈસો માણસને સુખી કરે અને ખોટો પૈસો માણસને જ નહીં તેના સમગ્ર પરિવારને દુઃખી કરે એ વાત જાણીતી છે.

---

દ્રવ દેખીને માણસ ચલે, દ્રવ દેખી સહુ લોભે ભલે,
દ્રવ દેખીને કરે બહુ પ્રીત, દ્રવ દેખી ચાલે સહુ રીત.
દ્રવે લાભ ને દ્રવે હાંણ, દ્રવે આસ, આસંકને આણ,
દ્રવે જીવ જાયે ને રહે, દ્રવે ઘેલાને ડાહો કહે.
દ્રવે કાયર દ્રવે શૂર, દ્રવે મેલો ને દ્રવે નુર,
દ્રવે ચોર ને દ્રવે સાહા, દ્રવે રંક ને દ્રવે રાયા.
દ્રવે કરપી ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર,
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચ ને દ્રવે પવિત્ર.

## ટિપ્પણ

**દ્રવ** - દ્રવ્ય, ધન, પૈસો, સંપત્તિ **ચલે** - ચળે, ડગી જાય, મક્કમતા ખોઈ બેસે **ભલે** - ભળે, ભળી જાય **હાંણ** - નુકસાન **આસ** - આશા **આસંક** - આશંક, શંકાશીલ, વહેમાય **આણ** - આજ્ઞા, શપથ **ઘેલો** - થોડો ધૂની, થોડો ગાંડા જેવો **ડાહો** - ડાહ્યો **કાયર** - બીકણ **શૂર** - બહાદૂર **નુર** - પ્રકાશ (અહીં પ્રકાશમાન, તેજસ્વી, કાંતિમાન) **સાહા** - શાહ, શરીફ **રાયા** - રાજા **કરપી** - કૃપણ, કંજૂસ **દાતાર** - દાનવીર **ઉગાર** - ઉગારી લેવું તે, બચાવી લેવું તે **શત્રુ** - દુશ્મન **નીચ** - હલકો **પવિત્ર** - પાવન

## રૂઢિપ્રયોગ

**આણ ચાલવી** - હુકમ કે સત્તા ચાલવી
**આશંકા હોવી** - વહેમ અથવા સંશય હોવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. પૈસો જોઈને માણસનું મન શા કારણે ડગી જાય છે ?
2. દ્રવ્યને કારણે શું લાભ થાય ?
3. દ્રવ્યને કારણે જીવ કઈ રીતે જાય ?
4. દ્રવ્યને કારણે વ્યક્તિ મેલો-ઘેલો કેમ રહે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યમાં આપો.**

1. 'માણસ ચલે' - એ પ્રયોગમાં 'ચલે' એટલે 'ડગી જાય' એવો અર્થ લેવાને બદલે 'ચલે' - એટલે ચાલે એવો અર્થ લઈએ તો ? પૈસા જોઈને માણસ ચલે છે નું એક ઉદાહરણ આપો.
2. પૈસાને કારણે માણસને અન્ય માણસો પ્રેમ કરે એવું બને ? કારણ આપો.
3. જેની પાસે પૈસો હોય તેનો હુકમ ચાલે એવું બને ? શા કારણે ?
4. પૈસા વિના માણસ કાયર થઈ જાય ? અહીં 'કાયર'નો અર્થ 'નાહિંમત' લઈએ તો ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો.**

દ્રવે કરપી ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચ ને દ્રવે પવિત્ર.

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ચોર, અમીર, દાતાર, નીચ

**પ્રશ્ન 5. માંગ્યા પ્રમાણે કરો.**

અણધાર્યો, અઢળક, દાનો, જીગરી એ ચાર વિશેષણો દુશ્મન, મિત્ર, લાભ અને દ્રવ્ય એ ચાર શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

**આટલું કરો**

1. પૈસાને કારણે તમારે કોઈની સાથે શત્રુતા થઈ હોય તેવો પ્રસંગ લખો.
2. પૈસા વિનાના માણસનો સામાજિક મોભો નીચો અને પૈસાવાળા માણસનો સામાજિક મોભો મોટો એ મતલબની ગુજરાતી કહેવત શોધીને લખો.
3. 'પૈસાથી માણસને ખરીદવામાં આવ્યો હોય' તેવી કોઈ એક વાર્તા મેળવીને વાંચો.

•

## વ્યાકરણ એકમ : ૧

# અલંકાર

તમે 'દ્રવ' કવિતામાં નીચેની કડી (બે કાવ્યપંક્તિ) વાંચી

દ્રવ દેખીને માણસ ચલે, દ્રવ દેખી સહુ લોભે ભલે,
દ્રવ દેખીને કરે બહુ પ્રીત, દ્રવ દેખી ચાલે સહુ રીત.

આ કાવ્ય પંક્તિઓમાં 'ચલે' અને 'ભલે' તથા 'પ્રીત' અને 'રીત' શબ્દોના અંત ભાગ, 'અલે' અને 'ઈત' એક સરખી રીતે ઉચ્ચારાય છે. જે શબ્દોના અંત ભાગ સરખી રીતે ઉચ્ચારવાના હોય તેમનો 'પ્રાસ' મળ્યો કહેવાય. કવિતા વાંચતી-સાંભળતી વખતે આવા પ્રાસને કારણે અવાજમાં-ઉચ્ચારણમાં મધુરતાનો અનુભવ થાય છે.

ખાસ કરીને કવિતામાં શબ્દોના આવા પ્રાસ મેળવવા એ કવિતાની શોભાને વધારનારી બાબત ગણાય. બીજી રીતે કહીએ તો કવિતાને એ શણગારે છે. ભાષામાં આવા ખાસ અથવા વિશેષ શણગારને 'અલંકાર' કહે છે.

તમે 'મન નો ડગે' કવિતામાં પણ આવા પ્રાસ સાંભળ્યા હશે. દા.ત.

"ભાઈ રે ! - ભગતી કરો તો એવી રીતે કજો પાનબાઈ ! રાખજો વચનુંમાં વીશવાસ રે;
ગંગાસતી એમ બોલિયાં તમે થાજો સતગુરુનાં દાસ રે."

અહીં 'વીશવાસ' અને 'દાસ'માં છેલ્લે 'આસ'નો ઉચ્ચાર સરખો છે અને પ્રાસ મળે છે.

પણ 'દ્રવ' કવિતામાં એક જ પંક્તિમાં પહેલી અડધી પંક્તિના અંતના અને બાકીની અડધી પંક્તિના અંતના શબ્દના પ્રાસ મળે છે જ્યારે 'મન નો ડગે'માં પહેલી પંક્તિ પૂરી થાય પછીના અથવા અંતના શબ્દનો બીજી પંક્તિ પૂરી થાય તેના અંતના શબ્દ સાથે પ્રાસ મળે છે.

જ્યારે એક જ પંક્તિમાં અડધી પંક્તિના અંતના શબ્દનો બીજી અડધી પંક્તિના અંતના શબ્દ સાથે પ્રાસ મળે ત્યારે તે **પ્રાસાનુપ્રાસ** અલંકાર બને છે. જેની જશોદા માવલડી, તે ગોકુળમાં ચરાવે ગાવલડી.

જ્યારે બે પંક્તિના અંતે આવતા શબ્દના પ્રાસ મળે ત્યારે તેને **અંત્યાનુપ્રાસ** અલંકાર કહે છે. દા.ત.

"ત્રણ વાનાં મુજને દીધાં; હૈયું, મસ્તક, હાથ,
જા ચોથું નથી માગવું, બહુ દઈ દીધું નાથ."

આવી જ રીતે જ્યારે એક જ કાવ્યપંક્તિમાં પહેલી અડધી પંક્તિનો છેલ્લો શબ્દ અને બીજી અડધી પંક્તિનો પહેલો શબ્દ પ્રાસ ધરાવતા હોય તો તેને **પ્રાસસાંકળી** અલંકાર કહે છે. દા.ત. 'મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ.' અથવા 'વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.'

આ જ રીતે એક જ કાવ્યપંક્તિમાં કે વાક્યમાં આવતા સળંગ બે, ત્રણ, ચાર કે વધુ શબ્દો એક જ સરખા વર્ણથી શરૂ થાય તો તેને **વર્ણાનુપ્રાસ** અલંકાર કહે છે. દા.ત. કામિની કોકિલા કેલિકૂજન કરે.' અથવા 'કવિએ કાચના કબાટમાંથી કવિતાની કિતાબ કાઢી.'

ઉપના બધા અલંકારો શબ્દને કારણે થતા હોવાથી શબ્દાલંકાર કહેવાય. એ રીતે અર્થ ઉપર આધારિત અર્થાલંકાર કહેવાય.

### ઉપમા અલંકાર :

બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવી હોય ત્યારે ઉપમા અલંકાર બને છે.

'જેવો', 'પેઠે', 'જેવું', 'જેમ', 'માફક', 'પ્રમાણે', 'સમ', 'સમાન', 'સમોવડુ', 'સાદશ', 'શું', 'તુલ્ય' જેવા સરખામણી સૂચવતા શબ્દો આવે છે. એમને ઉપમાનવાચક અથવા વાચક શબ્દો કહે છે.

ઉપમા અને એના પ્રકારના સાધર્મ્યમૂલક અલંકારોમાં ઉપમાન, ઉપમેય, સાધારણધર્મ અને સાધર્મ્યવાચક શબ્દ એમ ચાર અંગો હોય છે.

ઉપમેય : જે વસ્તુની સરખામણી કરવાની હોય તે.

ઉપમાન : જે વસ્તુની સાથે સરખામણી કરવામાં આવે તે.

સાધારણધર્મ : ઉપમેય અને ઉપમાન વચ્ચે જે સમાન બાબત માટે સરખામણી કરવામાં આવે તે.

સાધર્મ્યવાચક અથવા ઉપમાવાચક શબ્દ : ઉપમેય અને ઉપમાન વચ્ચે સરખામણી દર્શાવનાર શબ્દોને સાધર્મ્યવાચક / ઉપમાવાચક શબ્દો કહે છે.

ઉદાહરણ : રમણીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

ઉપરના ઉદાહરણમાં 'રમણીનું મુખ' એ ઉપમેય છે. 'ચંદ્ર' એ ઉપમાન છે. 'જેવું' ઉપમાવાચક શબ્દ છે. 'સુંદર' એ સાધારણ ધર્મ છે. આ ચારેય અંગો દર્શાવ્યાં હોય ત્યારે તે પૂર્ણોપમા કહેવાય છે. જ્યારે ચારમાંથી એક, ક્યારેક બે અને ત્રણ અંગો દર્શાવાયાં ન હોય, લુપ્ત રહ્યાં હોય એટલે કે બતાવ્યાં ન હોય તો તે લુપ્તોપમા કહેવાય છે.

**ઉત્પ્રેક્ષા અલંકાર :**

ઉપમેય અને ઉપમાન સમાન હોવાની સંભાવના (કલ્પના) થતી હોય ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર થાય છે. 'જાણે', 'રખે', 'શકે', 'શું-શો' (જાણેકેના અર્થમાં) જેવા શબ્દોથી સંભાવના સૂચવાય છે. આથી એ ઉત્પ્રેક્ષાવાચક શબ્દો કહેવાય.

ઉદાહરણ : વિરાટ જાણે ખુલ્લી હથેળી, ક્ષિતિજે ઢળતી, આ ઝાલાવાડી ધરતી.

અહીં 'ઝાલાવાડી ધરતી' ઉપમેય છે અને 'વિરાટ ખુલ્લી હથેળી' એ ઉપમાન છે. ઝાલાવાડી ધરતી એ જાણે વિરાટ ખુલ્લી હથેળી હોય એવી સંભાવના અહીં કરવામાં આવી છે. એટલે ઉત્પ્રેક્ષા અલંકાર થયો. 'જાણે' એ ઉત્પ્રેક્ષાવાચક શબ્દ છે.

**રૂપક અલંકાર :**

ઉપમેય અને ઉપમાન બંને જુદાં દર્શાવવાને બદલે એક જ હોય, બંને વચ્ચે અભેદ બતાવવામાં આવે ત્યારે રૂપક અલંકરા થાય છે. આ અલંકારમાં ઉપમેય અને ઉપમાન વચ્ચે એકરૂપતા સધાતી હોવાથી તેમાં વાચકપદ હોતું નથી.

ઉદાહરણ : બપોર એક મોટું શિકારી કૂતરું છે.

અહીં 'બપોર' એ ઉપમેય છે અને 'શિકારી કૂતરું' એ ઉપમાન છે. અહીં બપોરને શિકારી કૂતરા જેવી નહીં, પણ શિકારી કૂતરું જ કહેવામાં આવેલ છે. એથી અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચેની એકરૂપતા સૂચવાય છે. આમ, ઉપમેય અને ઉપમાન એ બંને એક જ હોય એ રીતે વર્ણવવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.

**વ્યતિરેક અલંકાર :**

વ્યતિરેકના અર્થ છે અધિકતા, ઉત્તમતા, શ્રેષ્ઠતા જ્યારે ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે. સામાન્ય રીતે ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઊતરતું બતાવવામાં આવે છે.

ઉદાહરણ : કમળ થકી કોમળું રે બહેની ! અંગ છે એનું.

અહીં 'દીકરીના અંગ'ને 'કમળથી' પણ કોમળ કહ્યું છે. આમ ઉપમેય 'દીકરીનું અંગ' ઉપમાન 'કમળ'ના કરતાં પણ વધારે કોમળ દર્શાવાયું છે. આમ, ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું દર્શાવવામાં આવ્યું છે, તેથી વ્યતિરેક અલંકાર થયો છે.

**અતિશયોક્તિ અલંકાર :**

જ્યારે ઉપમાનમાં ઉપમેય સમાઈ ગયેલું હોય, એટલે કે ઉપમેયનો લોપ થયેલો હોય અને એકલા ઉપમાનનો જ નિર્દેશ હોય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.

ઉદાહરણ : રમા ચાલતી હતી ત્યારે જમીન પર ગુલાબ પડતાં હતાં.

અહીં ગુલાબ ઉપમાન છે. ઉપમેયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. લેખકે રમાની રાતી પાનીવાળા કોમળ પગને ગુલાબરૂપે કલ્પ્યા છે, પણ રમાના પગ (ઉપમેય)નો અહીં નિર્દેશ નથી. પગને સ્થાને સીધો ગુલાબનો ઉલ્લેખ કર્યો છે. ગુલાબ (ઉપમાન)માં પગ (ઉપમેય) સમાઈ ગયા છે. આ રીતે જ્યારે ઉપમાનમાં ઉપમેય સમાઈ ગયેલું હોય એટલે કે ઉપમેયનો લોપ થયેલો હોય અને એકલા ઉપમાનનો જ નિર્દેશ હોય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને.

**સ્વભાવોક્તિ અલંકાર :**

સ્વભાવોક્તિ એટલે સ્વ-ભાવ-ઉક્તિ. જ્યારે કોઈ વ્યક્તિ કે પ્રાકૃતિક દૃશ્ય, ક્રિયા, પ્રાણીનું જેવું દેખાય તેવું આબેહૂબ નજરે જોતાં હોઈએ તેવું વર્ણન કરવામાં આવે ત્યારે સ્વભાવોક્તિ અલંકાર થાય.

આ અલંકારમાં કુદરતનો દેખાવ, પશુ, મનુષ્ય વગેરેનું એ જેવાં હોય તેવું જ પણ તાદૃશ અને કલ્પનાને ઉત્તેજે એવું વર્ણન કરવામાં આવે છે.

ઉદાહરણ : ઊંચા કરી શ્રવણ, વાંકડી શીંગડીઓ,
ડોલાવતું, મધુર ઘંટડીનાદ દેતું,
આલિંગને શિશુકને પયઘૂંટ પાવા,
ગોવૃંદ શું ધસમસ્યું પૂરમાં પ્રવેશે !

ઉપરોક્ત ઉદાહરણમાં ગામમાં ઉતાવળે દાખલ થતી ગાયોના ધણનું આબેહૂબ ચિત્ર દોરાયું છે. ઊંચા કાને વાંકી શીંગડીઓ ડોલાવતી, ઘંટડીનો અવાજ કરતી, વાછરુને ધવડાવવા ઉત્સુક બની ગામમાં દોડતી આવતી ગાયોનું ગતિશીલ, રમણીય, વાસ્તવિક ચિત્ર છે તેથી સ્વભાવોક્તિ અલંકાર થયો.

**વ્યાજસ્તુતિ અલંકાર :**

વ્યાજસ્તુતિ અલંકારમાં ‘વ્યાજ’નો અર્થ છે બહાનું અને ‘સ્તુતિ’નો અર્થ છે વખાણ. વખાણ વડે નિંદા અને નિંદા વડે વખાણ કરવામાં આવે ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર થાય છે. આમ, વ્યાજસ્તુતિ બે રીતે થાય છે.

૧. સ્તુતિ - વખાણને બહાને નિંદા

૨. નિંદાને બહાને વખાણ

સ્તુતિને બહાને નિંદા

ઉદાહરણ : રમાને અભિનંદન ! પરીક્ષામાં એણે ડાબી બાજુથી પહેલો નંબર મેળવ્યો.

ઉપરના ઉદાહરણાં રમાને એના પહેલા નંબર એટલે માંડ માંડ પાસ થઈ છે એમ સૂચવ્યું છે.

નિંદાને બહાને વખાણ

ઉદાહરણ : રમા આળસની દુશ્મન છે.

અહીં કોઈને કોઈના દુશ્મન કહેવું એ નિંદા છે, પણ આળસની દુશ્મન એટલે મહેનતુ ઉદ્યમી છે. આ તો વખાણ છે.

**શ્લેષ અલંકાર :**

જ્યારે કાવ્યમાં કે વાક્યમાં એક શબ્દના એક કરતાં વધારે અર્થ થતા હોય અને તેને લીધે કાવ્યપંક્તિ કે વાક્યમાં એક કરતાં વધારે અર્થ થાય અને એમાંથી ચમત્કૃતિ જન્મે ત્યારે શ્લેષ અલંકાર બને છે.

ઉદાહરણ : કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે.

ઉપરોક્ત ઉદાહરણમાં ‘કર’ શબ્દના બે અર્થ થાય છે. (૧) હાથ, (૨) કિરણ. બંને અર્થો કાવ્યમાં બરાબર બંધબેસે છે. પિતા સમાન સૂર્ય પોતાના કિરણસમા હાથ બાળકના રાતા ગાલ પર ફેરવે છે. આ રીતે જ્યારે એક શબ્દના એકથી વધુ અર્થ થાય અને એમાંથી ચમત્કૃતિ જન્મે ત્યારે એ શ્લેષ અલંકાર કહેવાય છે.

**અનન્વય અલંકાર :**

અન .. અન્વય (સંબંધ) = અનન્વય. જેને અન્ય કોઈ ઉપમાન સાથે સંબંધ-જોડાણ ન થાય તેને અનન્વય કહે છે અથવા ઉપમેયને બીજું કશું ઉપમાન આપવાને બદલે એને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે ત્યારે અનન્વય અલંકાર કહેવાય છે.

ઉદાહરણ : શરદપૂર્ણિમા એટલે તો શરદપૂર્ણિમા જ.

અહીં ઉપમેય ‘શરદપૂર્ણિમા’ છે અને ઉપમાન શરદપૂર્ણિમા જ છે. તાત્પર્ય એ છે કે શરદપૂર્ણિમા એટલી બધી સુંદર છે કે એને બીજા કશા સાથે સરખાવવી કે એકરૂપ દર્શાવી શકાય એમ જ નથી. આ રીતે જ્યારે ઉપમેયને બીજું કશું ઉપમાન આપવાને બદલે એને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે ત્યારે અનન્વય અલંકાર કહેવાય છે.

**દૃષ્ટાંત અલંકાર :**

દૃષ્ટાંત અલંકારમાં બે વાક્યો હોય છે. એક ઉપમેય વાક્ય અને બીજું ઉપમાન વાક્ય. ઉપમેય વાક્યના સમર્થનમાં ઉપમાન વાક્ય યોજાય છે. ઉપમેય, ઉપમાન અને સામાન્ય ધર્મવાળા એક વાક્યનું તેના જેવા જ બીજા વાક્યથી સમર્થન કરવામાં આવે ત્યારે દૃષ્ટાંત અલંકાર થાય છે.

ઉદાહરણ : ગોળ વિના મોળો કંસાર,
માત વિના સૂનો સંસાર.

ઉપરના ઉદાહરણમાં બીજી પંક્તિ ઉપમેય વાક્ય છે અને પહેલી પંક્તિ ઉપમાન વાક્ય છે. બંનેમાં ધર્મ જુદા જુદા છે. 'માતા વિના સંસાર કેવો સૂનો લાગ છે' એ વાતને સ્પષ્ટ કરવા 'ગોળ વિના મોળો કંસાર'નું દૃષ્ટાંત આપ્યું છે અને તે દ્વારા માતા વિનાના સૂના સંસારનો વધુ સ્પષ્ટ અને સચોટ ખ્યાલ આપવામાં આવ્યો છે.